સાંજે એક કલાક બંધ રહેલા મકાનમાંથી ૫.૫૨ લાખ સફાચટ...!

સે-૨૨માં રહેતા સાડીના વેપારીના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું : રાત્રે પેટ્રોલીંગ મજબુત બનતા તસ્કરો સાંજે સક્રીય થયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં અગાઉ રાત્રી દરમિયાન થતી ઘરફોડ ચોરીઓએ માઝા મુકી હતી ત્યારે જિલ્લા પોલીસે સઘન રાત્રી પેટ્રોલીંગ શરૂ કરતાં રાત્રી દરમિયાનની ઘરફોડ ચોરીઓ પર ખુબ જ નિયંત્રણ આવી ગયું છે. પરંતુ હવે છેલ્લા એકાદ મહિનાથી સાંજના સુમારે શહેરના બંધ મકાનને નિશાન બનાવીને ઘરફોડ કરતી એક ગેંગ સક્રિય થઈ જવા પામી છે. ગઈ કાલે સાંજે સે-૨૨માં એક વપારીનું મકાન એક કલાક માટે બંધ રહ્યું તેટલામાં તસ્કરો તેમના મકાનને નિશાન બનાવીને સોના-ચાંદીના દાગીના તથા રૂ. ૨૭હજાર રોકડા મળીને રૂ. ૫,૫૨,૫૦૦ની મત્તાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદથી વૈજ્ઞાનિક ઢબે ઘરફોડ ટોળકી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર૨૧માં સ્થિત આસોપાલવ સાડી શો રૂમના માલિક સે-૨૨ આનંદવાટિકા મકાન નં. ૧૬૨/૨ ખાતે રહે છે. સાડીના વેપારી ધીરૂભાઈ કાંતિલાલ નરવાડીયા ગઈ કાલે શો રૂમમાં હતા ત્યારે સાંજે સાડા વાત વાગ્યે તેમની પત્નિ અને દિકરી મકાનને તાળુ મારીને સે-૨૧ શાકમાર્કેટ જવા નીકળ્યાં હતા દરમિયાન પોણા નવ વાગ્યાના અરસામાં ધીરૂભાઈ વરવાડીયા ઘરે આવ્યા હતા ત્યાં સુધીના સવા કલાકના સમયગાળામાં તસ્કરો તેમના મકાનમાં કળા કરી ગયા હતાં. મકાનના પાછળના રસોડાના દરવાજાનો નકુચો ડીસમીક કે ખાતરીયા જેવા સાધન વડે તોડીને મકાનમાંથી ૨૨ તોલાના સોનાના દાગીના તથા ચાંદીના દાગીના ઉપરાંત રૂ. ૨૭ હજાર રોકડા મળીને રૂ. ૫,૫૨,૫૦૦ની કિંમતની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા. ધીરૂભાઈ ઘરે આવ્યા ત્યારે ઘરનો સામાન વેર વિખેર પડયો હતો. પોલીસને આ અંગે જાણ કરતાં સે-૨૧ પી.આઈ.એસ. ડી. પટેલ, એલ.સી.બી. પોલીસ તથા ડીવાયએસપી સહીતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ફિંગરપ્રીન્ટ નિષ્ણાત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી વેપારની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરુ કરેલ છે.

રાંધેજામાં આસીસ્ટન્ટ પ્રોફેસરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

તિજોરીમાંથી દાગીનાનું બોક્ષ અને રોકડ મળી રૂ. ૪૫ હજારની મત્તા ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરની નજીક આવેલા રાંધેજા સ્થિત વિદ્યાપીઠના એક કર્વાટરનું ગઈ રાત્રિના સમયે મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તસ્કરો તિજોરીમાંથી સોનાના દાગીના સહિત રોકડ મળી કુલ રૂ. ૪૫૦૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાંધેજા વિદ્યાપીઠ ખાતે મદદનીશ પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવતા અમીષાબેન હનીફખાન પઠાણ વિદ્યાપીઠના મકાન નં. ૮માં રહે છે. તેઓ પરિવાર સાથે ગઈ કાલે રાત્રે ૧૧ વાગ્યે બહારગામ ગયા હતા ત્યારે રાત્રિના સમયે તસ્કરોએ અમીષાબેનના મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશી ઘરમાં રહેલી તિજોરી ખોલી સોનાના દાગીના ભરેલું બોક્ષ જેમાં પેન્ડલ સાથેની ચેઈન તેમજ બંગડી અને રૂ. ૧૦,૦૦૦ રોકડ મળી કુલ રૂ. ૪૫૦૦૦ની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. બહારગામથી પરત આવીને અમીષાબેને પોતાના મકાનનું તાળું તુટેલું અને ઘરમાં સામાન વેરવિખેર જોતા તેમણે પેથાપુર પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે આવી પહોંચી ગુનો નોંધીને વધુ તપાસ સિનિ. પી.એસ.આઈ. એચ.આર. કુવાડીયાએ શરુ કરી છે.

શહેરના ફતેપુરા ગામમાં પાયાની સુવિધાનો અભાવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરને તંત્ર દ્વારા હાઈટેક બનાવવામાં આવી રહ્યું છે ત્યારે શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તંત્ર કક્ષાએથી યોગ્ય સાફસફાઈ થઈ રહી છે ત્યારે શહેરમાં સમાવિષ્ટ ફતેપુરા ગામ પાયાની અનેક સુવિધાથી વંચિત રહ્યું છે. ગ્રામજનો દ્વારા તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં ઉકેલ ન આવતા ગ્રામજનો રોષે ભરાયા છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલ ફતેપુરા ગામમાં રસ્તાઓની હાલત કથળી ગઈ છે. વર્ષો પહેલા રસ્તાનું કામ કરવામાં આવ્યું હતું. ત્યાર પછી આજ દિન સુધી રસ્તાનું કામ કરવામાં આવ્યું નથી. ઉભડ-ખાબડ રસ્તામાં ચાલતા ઘરડા લોકોને ઠેસ વાગતા નીચે પડી જતા ઈજાઓ પહોંચે છે. ગામમાં વર્ષો જુના લાઈટના થાંભલા છે. જેમાંથી અમુક ચાલુ હાલતમાં ને અડધા બંધ હાલતમાં છે. ગામના અન્ય વિસ્તારમાં અંધકાર છે. તે જગ્યાએ નવા વિજ થાંભલા માટે ગ્રામજનોએ અનેક વખત તંત્રને રજુઆત કરવા છતાં તંત્ર એ નવા વીજ થાંભલા નાંખ્યા નથી. વધુમાં ગામમાં ગટરો ઉભરાય છે. જેથી અસહ્ય દુર્ગંધ મારે છે. બારે માસ દુર્ગંધયુકત પાણી ભરાતું રહેતું હોવાથી ચોમાસું જેવી પરિસ્થિતિ સર્જાય છે. યોગ્ય સાફ સફાઈના અભાવે કચરાના ઢગ ખડકાયેલા છે. ગંદકીથી ગ્રામજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ગ્રામજનોના આરોગ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે. શહેરમાં સમાવિષ્ટ ગામ હોવા છતાં પણ તંત્ર દ્વારા પાયાની સુવિધાઓ પણ ગામને પૂરી પાડવામાં આવતી નથી તેવો સૂર ગ્રામજનોમાં ઉઠવા પામ્યો છે.

તન્નાએ સગાઓના નામે કરોડોની મિલ્કત ખરીદેલી છે

માણસા-દહેગામમાં નોકરી કરી હોવાથી ત્યાં પણ મિલ્કત ચકાસણી કરાશે

ગાંધીનગર, તા. ૩

લાંચ લેતા ઝડપી પાડેલા નાયબ મામલતદાર વિનોદ તન્નાએ તેના પરિચિત અને સગાઓના નામે કરોડો રૂપિયાની મિલ્કત ખરીદી હોવાની વિગતો એસીબીને મળી છે. તે ઉપરાંત તન્નાએ અગાઉ દહેગામ અને માણસા તાલુકામાં પણ નોકરી કરેલી હોવાથી તે વિસ્તારમાં પણ કોઈ મિલ્કત તેના સગાઓના નામે છે કે કેમ ? તેની ચકાસણી એસીબી દ્વારા શરૂ કરવામાં આવી છે.

ફોલ્ડર મારફતે રૂ. ૨૫હજાર લાંચ લેતા ઝડપાઈ ગયેલા નાયબ મામલતદાર વિનોદ તન્ના પોતે ખેડૂત ખાતેદાર ન હોવાથી તેણે તેના સગાઓ અને પરિચિતોના નામે કરોડો રૂપિયાની પ્રોપર્ટી વસાવી હોવાની વિગતો ગાંધીનગર એસીબીને મળી છે. જેને આધારે એસીબી પી.આઈ. એસ.કે. ત્રિવેદીએ તે દિશામાં પણ સઘન તપાસ શરૂ કરી છે. તે ઉપરાંત તન્ના અગાઉ જિલ્લાના દહેગામ અને માણસા તાલુકામાં પણ ફરજ બજાવી ચુક્યો હોવાથી તે વિસ્તારમાં પણ તેણે તેના અથવા તેના પરિચિતો કે સગાઓના નામે કોઈ મિલ્કત ખરીદી છે કે કેમ તેની તપાસણી શરૂ કરવામાં આવી છે.

ચકચારી રશ્મિ ભાવે હત્યા કેસની તપાસ એલસીબીને સોંપાઈ

અગાઉ જે દિશામાં તપાસ કરવામાં નહી આવી હોય તે દિશામાં તપાસ થશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ખુબ જ ચકચારી રશ્મિ ભાવે મર્ડર કેસમાં એક પખવાડીયા થવા આવ્યું હોવા છતાં કોઈ કડી ન મળતાં જીલ્લા પોલીસ વડાએ આ સમગ્ર કેસની તપાસ ગાંધીનગર એલ.સી.બી.ને સોંપી દીધી છે. સે. ૭ પોલીસે વિવિધ દિશામાં કરેલી તપાસ જાણીને તેમણે ન કરી હોય તે દિશાઓમાં ગાંધીનગર એલ.સી.બી. પોલીસ તપાસ કરશે. મર્ડર કેસની તપાસ એલસીબીને સોંપવાનો હૂકમ આજે થઈ ગયો છે.

ગાંધીનગરના જાણીતા ડોકટર વિવેક ભાવેની પત્નિ રશ્મિ ભાવેનું કુડાસણ ખાતે રાધે રેસીડેન્સીના છઠ્ઠા મજલે તેમના મકાનમાં ભરબપોરે કોઈ શખ્સે પ્રવેશીને મર્ડર કરી નાંખ્યુ હતું. આ કિસ્સામાં ઘરમાંથી કોઈ દર-દાગીના કે કિંમતી ચિજવસ્તુઓ ઉપરાંત મકાનનો કોઈ સામાન પણ વેરવિખેર થયો ન હોવાથી લુંટ કે ચોરીનો ઈરાદો ન હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવ્યું હતું. તે ઉપરાંત જે રીતે ઘરમાં પડેલા સામાનની સ્થિતિ હતી તે જોતા કોઈ પરિચિત વ્યક્તિનો હાથ હોવાનું અનુમાન હતું. પરંતુ પોલીસે વિવિધ દિશાઓમાં કરેલી તપાસ બાદ પણ કોઈ જ મજબુત કડી ન મળતા પોલીસ દિશાવિહીન થઈ ગઈ છે. ત્યારે આ કેસનો પદર્ફાશ કરવા માટે ગાંધીનગર એલ.સી.બી.ને કામે લગાડવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાએ સમગ્ર પ્રકરણની તપાસ ગાંધીનગર એલ.સી. બી. ને સોંપવાનો હૂકમ જારી કર્યો છે. એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમારના જણાવ્યામુજબ ઈન્વેસ્ટીગેશન ઓફીસરે કરેલી વિવિધ દિશાઓમાં તપાસ જાણી-સમજીને તેમણે ન કરી હોય તે દિશાઓમાં તપાસ આગળ ધપાવવામાં આવશે.

શિવકથામાં શિવવિવાહ પ્રસંગ યોજાયો

ગાંધીનગર શહેરમાં શિવકથા સમિતિ દ્વારા સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવકથાનું સુંદર આયોજન થયું છે. જેમાં શિવકથામાં ભવ્ય શિવ વિવાહ પ્રસંગનું શ્રવણ ગાન કરવામાં આવ્યું હતું. ગુજરાતી ફિલ્મના સુપર સ્ટાર વિક્રમ ઠાકોરે આ પ્રસંગે શિવવિવાહ કથામાં હાજરી આપી હતી. નગરના સૌ ભકતજનોએ આ પ્રસંગે માતાજીના ગરબાનો પણ લાભ લીધો હતો.

આજે સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ના નવરાત્રી ચોક, રંગમંચ પાછળ, શિવકથા મેદાનમાં આજે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના સંગીતમય પાઠમાં સર્વે ભકતજનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે. શિવકથા વિરામ બાદ યજ્ઞ સ્વરૂપે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

સંગીતમય પંચદિવસીય સત્યનારાયણ કથા

ગાંધીનગર તા. ૩

ગાંધીનગરના પંચદેવ મંદિર સેકટર-૨૨માં પંચદિવસીય સંગીતમય સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૧ માર્ચથી તા. ૨૫ માર્ચ સુધી બપોરે ૩.૩૦ વાગે શરૂ થશે. વ્યાસપીઠ પરથી નીલકંઠ શાસ્ત્રી બિરાજશે. ગુજરાતમાં સૌ પ્રથમવાર સંગીતમય કથા નીલકંઠ શાસ્ત્રીએ શરૂ કરેલ છે. નામ નોંધાવવા માટે પંચદેવ મંદિરનો સંપર્ક કરવા જણાવેલ છે.

દઢાવ્ય મોચી સમાજનો જીવનસાથી પસંદગીમેળો સંપન્ન

ગાંધીનગર તા. ૩

ગુજરાતી દઢાવ્ય વિ.નું (મોચી) સમાજ દ્વારા તાજેતરમાં જીવનસાતી પસંદગી સંમેલન યોજાયું હતું. જેમાં ૩૧૨ ઉમેદવારોએ પ્રથમ પસંદગી મેળામાં તથા દ્વિતીય પસંદગી મેળામાં ૨૬૭ ઉમેદવારોએ ભાગ લીધો હતો.

સંમેલનમાં પુસ્તિકાનું વિમોચન દાતાશ્રી તથા મહાનુભાવોના હસ્તે થયેલ હતું. મહાનુભાવોને પરિચયા સ્વાગત, બહુમાન બાદ દીપ પ્રગાટય કર્યું હતું. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા મંત્રીઓ શુભેચ્છા સંદેશ વકતવ્યોનું પઠન કરવામા આવ્યું હતું. ઉમેદવારોની વિગત પ્રસિદ્ધ કરેલ છે.

ઉમેદવારોએ પોતાનો પરિચય સ્ટેજ પર આવીને આપ્યો હતો. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે જીવનસંદેશને ફોટો દરેકને ભેટ આપેલ હતો. કન્વીનર મહેન્દ્રભાઈ ચૌહાણે જણાવેલ હતું.

ગુજરાત પેન્શનર સમાજની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા.૩

ગુજરાત પેન્શનર સમાજની સામાન્ય સભા તા.૧૭મી માર્ચ ૨૦૧૩ને રવિવારે દિનેશ હોલ, ઈન્કમટેક્ષ કચેરી અમદાવાદ ખાતે સવારના ૧૦ કલાકે રાખવામાં આવી છે.

પેન્શનર સમાજની સામાન્ય સભામાં પેન્શનર સમાજના આજીવન સભ્યોને તથા મંડળના પ્રતિનિધિઓને ઓળખકાર્ડ સાથે ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે. અમદાવાદના પેન્શનર ભાઈ બહેનોએ રૂ.૫૦ ભરીને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે જેની નોંધ લેવા આયોજકોએ ખાસ જણાવ્યું છે. ઈન્કમટેક્ષ કચેરી પાસેના દિનેશ હોલ ખાતે ગુજરાત રાજયના પેન્શનર સભ્યોની સામાન્ય સભા ૧૭મી માર્ચના રોજ યોજવાની છે જેમાં સમગ્ર ગુજરાતમાંથી પેન્શનર સભ્યો, પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહેશે. આયોજકો દ્વારા જણાવાયું છે કે, પેન્શનર સભ્યોએ બેઠકમાં ઓળખકાર્ડ ખાસ સાથે લાવવું!!

નાગરિક સંરક્ષણ સેવામાં વોર્ડનની જગ્યાઓ ભરાશે

ગાંધીનગર, તા. ૩

આગ-અકસ્માત સહિત કુદરતી આપત્તિ વેળાના સમયે બચાવ કામગીરીમાં માનદ સેવા પુરી પાડવા નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા વોર્ડનની જગ્યાઓ માટે ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

નાગરિક સંરક્ષણ કચેરીના નાયબ નિયંત્રકના જણાવ્યા અનુસાર શહેરી વિસ્તાર માટે વોર્ડનની જગ્યાઓ પર માનદ સેવાના ધોરણે ભરતી કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેમાં નાગરિક સંરક્ષણ અંગેની બેઝીક તાલીમ લીધી હોય અને તે અંગેનું પ્રમાણપત્ર મેળવ્યું હોય તેવા શહેર-જિલ્લાના જાણકાર વ્યક્તિઓને નાગરિક સંરક્ષણની સેવામાં જોડાવા જાહેર અપીલ કરવામાં આવી છે. સારી ચાલ ચલગત ધરાવતા અને ગુન્હામાં સંડોવણી ન હોય તેવા ૧૮ વર્ષ ઉપરના અને ધો. ૪ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યક્તિઓને આધાર-પુરાવા સાથે અરજી કરવા જણાવાયું છે. ઈચ્છા ધરાવતા નાગરિકોએ ડો. જીવરાજ મહેતા ભવન બ્લોક નં. ૨ પ્રથમ માળે જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ દિન-૧૦માં અરજી કરવા જણાવાયું છે. વધુમાં નાગરિક સંરક્ષણ સેવામાં જોડાવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ માટે બેઝીક તાલીમના વર્ગો પણ હાલ ચાલુ હોવાથી તેમાં જોડાવવા પણ જણાવાયું છે.

અમદાવાદના કૃષ્ણનગરમાં અસલી સોનાની મગમાળા હોવાનું જણાવી વિશ્વાસઘાત કર્યો

અમદાવાદ, તા. ૩

અમદાવાદના નરોડા વિસ્તારના કૃષ્ણનગરમાં સોનાની મગમાળા બતાવીને છેતરપિંડી થઈ હોવાની ફરીયાદ નરોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવામાં આવી છે. માણેકચોકની સાંકડી શેરીમાં રહેતાં હેમંતભાઈ ગોવિંદભાઈ સથવારા કૃષ્ણનગરમાં ચામુંડા નોવેલ્ટી એન્ડ ગીફટની દુકાન ધરાવે છે. થોડા દિવસ પહેલાં બે અજાણ્યા શખ્સો અને એક મહિલા તેમની દુકાને આવ્યા હતા અને પોતે કચ્છમાં મજૂરી કરતાં હોવાનું કહીને તેમને સોનાની મગમાળા મળી હોવાનું જણાવ્યું હતું અને તેને રૂપિયા પંદર લાખમાં સોનાની મગમાળા આપવાની લાલચ આપી હતી.

સોના જેવી મગમાળા જોઈ અને હેમંતભાઈએ તે મગમાળાને ગત તા. ૧મી માર્ચના રોજ બપોરે ૧.૩૦ વાગે લેવા સર્કલ આવવા જણાવ્યું હતું. હેમંતભાઈને તે અજાણ્યા શખ્સોએ મગમાળા બતાવી હતી જે અસલ સોના જેવી પીળી ધાતુની હતી જેથી તેના સોદા પેટે હેમંતભાઈએ પાંચ લાખરૂપિયા તે અજાણ્યા શખ્સોને ચૂકવી દીધા હતાં.

આ મગમાળાની જયારે હેમંતભાઈએ ખરાઈ કરી ત્યારે તે નકલી હોવાનું જણાઈ આવ્યું હતું આ અંગે હેમંતભાઈએ અજાણ્યા બે શખ્સો અને એક સ્ત્રી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નરોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી આ અંગે ગુનો દાખલ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩

સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૨૩ ટકા

મનોરંજન

સિને મેઠસ

: સ્ક્રીન-૧ :

જક્સ ધ ગેંઈન્ટ સેલર-૩ડી (હિન્દી) : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૫.૦૦

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

આઈ મી ઓર મેંઈન : ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

ધ એંટેકૂસ ઑફ ૨૬/૧૧ : ૧૦.૧૫

આઈ મી ઑર મેંઈન : ૧૨.૪૫, ૩.૦૦

જિલ્લા ગાઝીયાબાદ : ૫.૧૫

કાઈ પો છે : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

આઈ મી ઑર મેંઈન : ૧૦.૦૦

ધ એંટેકૂસ ઑફ ૨૬/૧૧ : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મર મીટેગે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેકસ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

શૈક્ષણિક

- કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તથા વાર્ષિકોત્સવ સવારે ૯.૦૦ કલાકે શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કેમ્પસ, ગેટ નં. ૬, સેકટર-૨૩ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર૨માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. નાથીબેન ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૧૧૦૧/૧, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. પોપટલાલ ઉમિયાશંકર જાની (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૭૨, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર.